પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૨ | ૨૪ જાન્યુઆરી, ૨૦૨૨, સોમવાર; પોષ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચાર મહાનગરોમાં પીક પર ત્રીજી લહેર

## દેશમાં કોરોનાની ત્રીજી લહેર ચાલી રહી છે : દેશના કેટલાક મહાનગરોમાં ત્રીજી લહેર પીક પર પહોંચી ગઈ

નવી દિલ્હી, તા.૨૩

કોરોના વાયરસ મહામારીની ત્રીજી લહેર દેશના ચાર સૌથી મોટા શહેરોમાં પીક પર પહોંચી ગઈ છે. સાત દિવસના એવરેજ કેસમાં મુંબઈ, દિલ્હી, કોલકત્તા અને ચેન્નઈમાં સ્પષ્ટ ઘટાડો જોવા મળી રહ્યો છે. પરંતુ શુક્રવાર સુધી ગણવામાં આવેલી સાત-દિવસીય એવરેજ બેંગલુરૂ, પુણે, અમદાવાદ અને હૈદરાબાદ ચાર મોટા શહેરોમાં વધી રહી છે. તમને જણાવી દઈએ કે બેંગલુરી અને અમદાવાદમાં રાહતના સંકેટ મળ્યા છે. શનિવાર સહિત છેલ્લા બે દિવસમાં દૈનિક કેસમાં ઘટાડો થયો છે. પરંતુ આ પ્રવૃત્તિને આગામી કેટલાક દિવસ સુધી સાત દિવસની એવરેજ માટે બનાવી રાખવી પડશે. આ આઠ શહેરોના કોવિડ આંકડાની જે મોટી તસવીર સામે આવી છે, તે છે કે સૌથી મોટા શહેરી કેન્દ્રો હવે દૈનિક સંક્રમણમાં ઓછુ યોગદાન આપી રહ્યાં છે. રાષ્ટ્રીય કેસના સાત દિવસની એવરેજ હજુ પણ વધવાની સાથે મહામારી હવે નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં ફેલાતી જોવા મળી રહી છે. સત્તાવાર આંકડા અનુસાર હાલની લહેર દરમિયાન બેંગલુરૂ સૌથી વધુ પ્રભાવિત શહેર રહ્યું છે. તેણે સર્વાધિક પીક નોંધી છે. શહેરમાં ૧૬ ડિસેમ્બરથી અત્યાર સુધી ૩ લાખ કેસ નોંધાયા છે, જે માત્ર દિલ્હીના કુલ ૩.૪ લાખથી પાછળ છે. મુંબઈ શહેરમાં પણ મહામારી પીક પર હતી. ત્યાં સાત દિવસની એવરેજ ૧૨ જાન્યુઆરીએ ઘટતા પહેલા વધીને ૧૭૪૬૫ થઈ ગઈ હતી. કોલકત્તા આગામી સ્થાન પર હતું, જેણે ૧૩ જાન્યુઆરીએ ૭૦૬૯ના ચાર સૌથી મોટા મહાનગરોમાં સૌથી નિચલા પીકની સૂચના આપી હતી.



# દેશમાં કોરોનાના ૩,૩૩,૫૩૩ નવા કેસ

## એક્ટિવ કેસની સંખ્યા વધીને ૨૧ લાખ ૮૭ હજાર ૨૦૨૫ : મહામારીથી જીવ ગુમાવનારની સંખ્યા વધીને ૪ લાખ ૮૯ હજાર ૪૦૯ થઈ ગઈ છે

નવી દિલ્હી, તા.૨૩

દેશમાં જીવલેણ કોરોના વાયરસ મહામારીના કેસમાં કાલ કરતા આજે ઘટાડો થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩ લાખ ૩૩ હજાર ૫૩૩ નવા કેસ સામે આવ્યા છે અને ૫૨૫ લોકોના મૃત્યુ થયા છે. દેશમાં દૈનિક પોઝિટિવિટી રેટ હવે ૧૭.૭૮ ટકા છે. જાણો દેશમાં કોરોનાની વર્તમાન સ્થિતિ શું છે. કેન્દ્રીય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૨૧ લાખ ૮૭ હજાર ૨૦૨૫ થઈ ગયા છે. તો આ મહામારીથી જીવ ગુમાવનારની સંખ્યા વધીને ૪ લાખ ૮૯ હજાર ૪૦૯ થઈ ગઈ છે. આંકડા પ્રમાણે કાલે બે લાખ ૫૯ હજાર ૧૬૮ લોકો સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી ૩ કરોડ ૬૫ પલાખ ૬૦ હજાર ૬૫૦ લોકો સંક્રમણથી મુક્ત થયા છે.

રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધી કોરોના વાયરસ વેક્સીનના ૧૬૧ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. કાલે ૭૧ લાખ ૧૦ હજાર ૪૪૫ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ અત્યાર સુધી રસીના ૧૬૧ કરોડ ૯૨ લાખ ૮૪ હજાર ૨૭૦ ડોઝ આપવામાં આવી ચુક્યા છે.

કોરોનાના સૌથી સંક્રામક સ્વરૂપ ઓમિક્રોન હવે ત્રણ ભાગમાં વિભાજીત થઈને વધુ શક્તિથી ફેલાવા લાગ્યો છે. ઓમિક્રોનના સબ-વેરિએન્ટ બીએ.૧, બીએ.૨, અને બીએ.૩ છે, જેમાંથી બીએ.૨ સબ-વેરિએન્ટ વિશ્વમાં ઝડપથી ફેલાય રહ્યો છે. બ્રિટિશ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જલદી બીએ.૨ સબ-વેરિએન્ટ વિશ્વમાં ઓમિક્રોનના મૂળ સ્વરૂપની જગ્યા લઈ શકે છે.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ઓમિક્રોનના મુકાબલે બીએ.૨ વધુ સંક્રામક છે તેથી બ્રિટનની હેલ્થ સિક્યોરિટી એજન્સીએ તેને તપાસની શ્રેણીમાં રાખી દીધો છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે આ સબ-વેરિએન્ટ રસીના પ્રભાવ અને વાયરસના અન્ય સ્વરૂપોને પણ માત આપી શકે છે. બ્રિટનના સ્વાસ્થ્ય મંત્રી સાજિદ જાવિદે જણાવ્યુ કે વિશ્વભરમાં બીએ.૨ ના આશરે ૮ હજાર નવા કેસ આવ્યા છે. ભારત અને ફિલીપીન્સની સાથે ડેનમાર્ક અને જર્મનીમાં તેના સંક્રમિત દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. વૈજ્ઞાનિકોની ટીમ વાયરસના નવા સ્વરૂપ પર નજર રાખી રહી છે.

# લતા મંગશકર માટે પ્રાર્થના કરીએ


નવી દિલ્હી, તા.૨૩

સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરનો આજે હોસ્પિટલમાં ૧૬મો દિવસ છે. ૮ જાન્યુઆરીએ, તેમને કોરોના પોઝિટિવ અને ન્યુમોનિયાની ફરિયાદ બાદ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૯૨ વર્ષીય લતાની ઉંમર અને તબિયતને ધ્યાનમાં રાખીને તેમને ૈંઝેમાં ડોક્ટરોની કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. ભૂતકાળમાં લતા મંગેશકરની તબિયતમાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ તાજેતરમાં જ લતા દીની સારવાર કરી રહેલા ડૉ.પ્રિતિત સમદાનીનું કહેવું છે કે, તેમને પ્રાર્થનાની સખત જરૂર છે, જેના પછી ચાહકો તેમની તબિયતને લઈને ચિંતિત છે. લતા મંગેશકરની તબિયત વિશેની તમામ અફવાઓ વચ્ચે સ્વરા કોકિલાની સારવાર કરી રહેલા ડૉ.પ્રિતિત સમદાનીએ તેમના સ્વાસ્થ્ય વિશે અપડેટ આપ્યું છે. છદ્ગૈં દ્વારા કરવામાં આવેલા ટ્વિટ અનુસાર, ડૉ. પ્રતત સમદાનીએ કહ્યું, "ગઈકાલથી તે સુધરી રહ્યો છે, પરંતુ તેને ૈંઝેમાં નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યો છે. તેમના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના. સ્મૃતિ ઈરાનીએ ડૉ. પ્રતત સમદાનીના આ ટ્વીટને રીટ્વીટ કર્યું અને લખ્યું- 'લતા દીદીના પરિવાર વતી અફવાઓ ન ફેલાવવા વિનંતી. તે સારવારને સારો પ્રતિસાદ આપી રહી છે અને ભગવાનના આશીર્વાદથી તે જલ્દી સ્વસ્થ થઈને ઘરે પરત ફરશે.

# કોરોનાના કેસ વધતાં ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન જેસિન્ડાએ લગ્ન રદ કર્યા

વેલિંગ્ટન, તા.૨૩

ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી જેસિન્ડા અર્ડર્ને કોરોનાને કારણે દેશમાં લાગેલા પ્રતિબંધોને લીધે પોતાના લગ્ન કેન્સલ કરી દીધા છે. તેમણે ખુદ પત્રકાર પરિષદ દરમિયાન તેની જાહેરાત કરી છે. તેમણે સંવાદદાતાઓને કહ્યું કે, તેમને આ પ્રકારના પરિદ્રશ્યમાં ફસાનાર કોઈપણ વ્યક્તિ માટે ખેદ છે. તમને જણાવી દઈએ કે અર્ડર્ને પોતાના લગ્નની તારીખનો ખુલાસો કર્યો નહોતો. પત્રકારોએ જ્યારે તેમને પૂછ્યુ કે ફિશિંગ-શો હોસ્ટ ક્લાર્ક ગેફોર્ડ સાથે થનારા લગ્નને રદ



કરવાનો નિર્ણય લેવામાં તેમને કેવું લાગ્યું, અર્ડર્ને જવાબ આપ્યો- જીવન આવું જ છે. અર્ડર્ને કહ્યું- હું તેનાથી અલગ નથી. હું તે કહેવાની હિંમત કરુ છું. ન્યૂઝીલેન્ડના હજારો અન્ય લોકોએ મહામારીથી ખુબ વિનાશકારી પ્રભાવનો અનુભવ કર્યો છે. સૌથી વધુ મુશ્કેલી ત્યારે થાય છે જ્યારે કોઈ આપણું ગંભીર રૂપથી બીમાર થાય છે. તમને જણાવી દઈએ કે ન્યૂઝીલેન્ડના ઉત્તરથી લઈને દક્ષિણ દ્વીપોમાં ફેલાયેલા કોરોના સંક્રમણને જોતા રવિવારે મધ્ય રાત્રીથી કોવિડ ગાઈડલાઈન કડક કરી દેવામાં આવી છે. લોકો માટે માસ્ક ફરજીયાત કરી દેવામાં આવ્યું છે. સાથે કાર્યક્રમમાં સામેલ થનાર લોકોની સંખ્યા પણ ઘટાડી દેવામાં આવી છે. ઉત્તરી દ્વીપના ઓકલેન્ડમાં એક લગ્ન અને અન્ય કાર્યક્રમોમાં ભાગ લીધા બાદ એક પરિવાર વિમાનથી દક્ષિણ દ્વીપમાં નેલ્સન પરત ફર્યો.

# ઈન્ડીયા ગેટ પર નેતાજીનું મહાસન્માન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ






નવી દિલ્હી, તા.૨૩

નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિના અવસરે પીએમ મોદીએ ઈન્ડિયા ગેટ પરિસરમાં હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ કર્યું.નરેન્દ્ર મોદીએ શુક્રવારે જ જાહેરાત કરી હતી કે દેશના મહાન સપૂત સુભાષ ચંદ્ર બોઝ પ્રત્યે કૃતજ્ઞતાના પ્રતીક રૂપે તેમની ગ્રેનાઈટની પ્રતિમા ઈન્ડિયા ગેટ પર સ્થાપિત કરવામાં આવશે. તેમણે ટ્વીટ કર્યું હતું કે જ્યાં સુધી નેતાજીની ગ્રેનાઈટ પ્રતિમા તૈયાર નહીં થાય ત્યાં સુધી તે જગ્યાએ તેમની હોલોગ્રામ પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે નેતાજીની આ પ્રતિમા કરોડો લોકોને પ્રેરણા આપશે. તેમણે કહ્યું કે નેતાજીના બલિદાનને ભૂલી શકાય તેમ નથી. પીએમ મોદીએ રવિવારે સવારે પરાક્રમ દિવસ પર તમામ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી અને નેતાજીની બીજી પ્રતિમા સમક્ષ શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

લોહીના બદલામાં આઝાદી આપવાનું વચન આપનાર નેતાજી સુભાષચંદ્ર બોઝનું નામ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલું છે. ૨૩ જાન્યુઆરી ૧૮૯૭ના રોજ ઓરિસ્સાના કટકમાં એક સમૃદ્ધ બંગાળી પરિવારમાં જન્મેલા સુભાષ કોઈપણ ભોગે પોતાના દેશ માટે આઝાદી ઈચ્છતા હતા. તેમણે પોતાનું આખું જીવન દેશના નામ માટે સમર્પિત કર્યું અને છેલ્લા શ્વાસ સુધી દેશની આઝાદી માટે લડતા રહ્યા. 'નેતાજી' દેશના કટ્ટરપંથી માનસિકતા ધરાવતા યુવાનોનો ચહેરો માનવામાં આવતા હતા, જેઓ માતા ભારતીને કોઈપણ ભોગે આઝાદીની બેડીઓમાંથી મુક્ત કરવા આતુર દેશના ઉગ્ર વિચારધારા વાળા યુવ વર્ગનો ચહેરો ગણાતા હતા. તેઓ કોંગ્રેસના અધ્યક્ષ પણ હતા. દેશની આઝાદીના ઈતિહાસના મહાન નાયક બોઝનું જીવન અને મૃત્યુ ભલે રહસ્યમય માનવામાં આવ્યું હોય, પરંતુ તેમની દેશભક્તિ હંમેશા અસંદિગ્ધ અને અનુકરણીય રહી છે.

તમને જણાવી દઈએ કે ભારત માતાના વીર સપૂત સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમા તે સ્થાન પર લગાવવામાં આવશે જ્યાં પહેલા બ્રિટનના રાજા જ્યોર્જ પંચમની પ્રતિમા લાગી હતી. ૧૯૬૮માં જ્યોર્જ પંચમની પ્રતિમા હટાવી દેવામાં આવી હતી.

# પંજાબની પટિયાલાની સીટથી ચૂંટણી લડશે કેપ્ટન અમરિંદર

ચંદીગઢ, તા.૨૩

પંજાબમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહ ક્યાંથી લડશે તે સ્પષ્ટ થઈ ગયું છે. તેમણે પોતે જણાવ્યું કે તેઓ રાજ્યની કઈ સીટ પરથી ચૂંટણી લડવાના છે. પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંહે કહ્યુ કે તેઓ તેમના ગૃહ ક્ષેત્ર પટિયાલાથી ચૂંટણી લડશે. તેમણે કહ્યું કે આ ચૂંટણીમાં તેમની સામે કોઈ પડકાર નથી. તે પંજાબના લોકોને વધુ સારા વિકલ્પો આપવા માટે મેદાનમાં છે અને આમાં સફળ થશે. તેમણે સીએમ ચરણજીત સિંહ ચન્ની પર નિશાન સાધતા તેમણે કહ્યું કે ગેરકાયદેસર રેતી ખનનમાં સામેલ હોવાથી ચરણજીત સિંહ ચન્ની દ્વારા સ્વિકાર ન કરવો સંપૂર્ણ જુઠ્ઠાણું છે. સીએમ તરીકે તેમને એવી માહિતી મળી હતી કે ચન્ની અને કોંગ્રેસના અન્ય નેતાઓ અને ધારાસભ્યોની રેતી માફિયાઓમાં ભાગીદારી હતા.





**GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED**

(SPV of Govt. of India and Govt. of Gujarat)

Block No.1, First Floor, Karmayogi Bhavan, Sector 10/A, Gandhinagar: 382010, Gujarat. (CIN): U60200GJ2010SGC059407

આપણી મેટ્રો

**TENDER NOTIFICATION NO. GMRC/ADMIN/PRINTED STATIONERY/2022**

**Date: 24.01.2022**

E-Tenders are invited from reputed and experienced agencies for the following tender :

| Tender Name | Tender Fees |
|---|---|
| "Tender for Providing Printed Stationery at GMRC Offices" | INR 1,000/- |

Interested bidders are requested to visit **https://gmrc.nprocure.com** for eligibility criteria, applying/downloading the tender document. **The last date and time for Bid Submissions of Tender is 15:00 Hrs on 15.02.2022.**

Any alterations in Eligibility Criteria cum Qualification Requirements, and terms of the Tender Document, or any amendment to the Tender Document, etc, will be uploaded on **https://gmrc.nprocure.com** and GMRC's Website **www.gujaratmetrorail.com** without any obligation or press notification or other proclamation.

**Sd/-**
**Managing Director,**
**GMRC, Gandhinagar**

